7418/22

રજુ તારીખ ૨૨/૧૧/૨૦૨૨

દાખલ તારીખ ૨૨/૧૧/૨૦૨૨

ફેસલ તારીખ ૧૭/૦૧/૨૦૨૩

સમયગાળો

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૮, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**

**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર–૭૪૧૮/૨૦૨૨**
**આંક–૧૨**

અરજદાર:– મહેન્દ્રકુમાર લક્ષ્મણભાઈ પટણી, ઉ.વ.આ.–૩૨

રહે. કિષ્નાજીના છાપરા, ચમનપુરા

અસારવા, અમદાવાદ.

**વિરુધ્ધ**

સામાવાળા:– ૧. રજીસ્ટ્રારશ્રી, જન્મ મરણ વિભાગ,

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, અમદાવાદ.

**વિષય:– જન્મ મરણ અધિનીયમની કલમ:૧૩(૩) મુજબ જન્મ નોંધણીનો હુકમ મેળવવા બાબત.**

અરજદાર તરફે વિ.વકીલશ્રી કે. જી. પટેલ.

સામાવાળા તરફે વિ.વકીલશ્રી કોઈ નથી.

૧. અરજદારે હાલની અરજી જન્મ – મરણ નોંધણી અધિનીયમની કલમ: ૧૩(૩) હેઠળ પુત્ર નામે ઉમંગના જન્મ ની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે. અરજદારે અરજીમા એવી હકીકતો જણાવેલ છે કે, તેમના પુત્ર ઉમંગનો જન્મ તારીખ:–૧૧/૦૮/૨૦૧૬ રોજ કિષ્નાજીના છાપરા, ચમનપુરા, અસારવા, અમદાવાદ મુકામે થયેલ હતો અને જે તે વખતે તેઓની શરતચુકના કારણે તેમના પુત્ર ના જન્મ અંગેની નોંધ જન્મ –મરણ નોંધણી અન્વયે સામાવાળાના રેકર્ડમા કરાવવાની રહી ગયેલ છે, અને હાલ તેમના પુત્ર ના જન્મ ના દાખલાની જરૂરીયાત ઉપસ્થીત થતા હાલની અરજી તેમના પુત્ર ના જન્મની નોંધ કરાવવા માટે આપેલી છે. અરજદારે અરજીમા તેમના પુત્ર ના જન્મની વિગતો નીચે મુજબ આપેલ છે.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | ઉમંગ |
| જન્મ તારીખ | :– | ૧૧/૦૮/૨૦૧૬ |
| જન્મ સ્થળ | :– | કિષ્નાજીના છાપરા, ચમનપુરા, અસારવા, અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | મહેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પટણી |
| માતાનું નામ | :– | શોભનાબેન |

૨. અરજીમા ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે અરજદાર તરફથી તેમના પુત્રના જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, તેથી સામાવાળા અરજદારના પુત્રના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપે તેવી દાદ અરજદારે માંગેલ છે.

૩. આ અરજી દાખલ થતા અરજી રજીસ્ટરે નોંધવામા આવેલ છે, અને અરજી અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના સમર્થનમા

નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**અરજદાર તરફે રજુ થયેલ પુરાવાઓ**

**–: મૌખીક પુરાવો :–**

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૦૭ |
| ૨ | સાહેદ પટણી શોભનાબેન મહેન્દ્રભાઈની સરતપાસની એફીડેવીટ | ૦૮ |
| ૩ | સાહેદ પટણી અંકુશ જીવણભાઈની સરતપાસની એફીડેવીટ | ૦૯ |
| ૪ | સાહેદ પટણી હેતલબેન ભરતભાઈની સરતપાસની એફીડેવીટ | ૧૦ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમદાવાદ મ્યુ. કોર્પો. ના જન્મ–મરણ નોંધણી વિભાગનુ નો રેકર્ડ સર્ટીફીકેટ | ૪ |
| ૨. | મમતા કાર્ડ | ૬ |

અરજદારે આંક–૧૧ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

૪. આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોય જેથી અરજદારે જે સરતપાસનુ સોગંદનામુ આપેલ છે, તે પણ સી.આર. પી.સી. ની કલમ:–૨૯૬ હેઠળ ગ્રાહય હોય જેથી તેને ધ્યાને લેવામા આવે છે.

૫. આ કામે અરજદારના રજુ થયેલ પુરાવા જોતા આંક–૪ થી રજુ થયેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન ના જન્મ – મરણ નોંધણી વિભાગના નો રેકર્ડ સર્ટીફીકેટ મુજબ અરજદારના પુત્રના જન્મની નોંધણી સામાવાળાના રેકર્ડમા થયેલ નથી તેવુ

ફલિત થાય છે અને આ કામે આંક–૬ થી મમતા કાર્ડ રજુ થયેલ કે જે દસ્તાવેજી પુરાવાથી અરજદારના પુત્રના જન્મની જન્મ તારીખઃ–૧૧/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ છે, અને તેની નોંધણી આ દસ્તાવેજોમા થયેલાનુ ફલિત થાય છે. આ કામે અરજદાર તથા અરજદારના સાહેદોના આંક–૦૭ થી ૧૦ મુજબના સોગંદ ઉપરના પુરાવાની હકીકતે અરજદારના પુત્ર ઉમંગનો જન્મ તા.૧૧/૦૮/૨૦૧૬ ના રોજ થયેલ હોવાનુ જણાઈ આવે છે તે સંજોગોમા અરજી મંજુર થવાને પાત્ર જણાતી હોય, ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**:: હુ ક મ ::**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના પુત્રના જન્મની નીચે મુજબની વિગતો હોય તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી વસુલ લઈ અરજદારના પુત્રના જન્મની નોંધ કરી જન્મનો દાખલો કાઢી આપવો.

| | | |
|---|---|---|
| બાળકનુ નામ | :– | ઉમંગ |
| જન્મ તારીખ | :– | ૧૧/૦૮/૨૦૧૬ |
| જન્મ સ્થળ | :– | ક્રિષ્નાજીના છાપરા, ચમનપુરા, અસારવા, અમદાવાદ. |
| પિતાનુ નામ | :– | મહેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ પટણી |
| માતાનું નામ | :– | શોભનાબેન |

આ હુકમની યાદી સામાવાળાને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૧/૨૦૨૨
અમદાવાદ.

(મયુરી ભાસ્કર ભાલીયા)
ઈ.ચા. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૮, અમદાવાદ.
જજકોડ નં.જીજે–૦૧૪૭૬